# દિગંબર જૈન કુટુંબ સુરક્ષા યોજના

સન ૧૯૯૭ માં રક્ષાબંધનના શુભ દિવસે શ્રી દિગંબર જૈન કુટુંબ સુરક્ષા યોજનાની સ્થાપનાથી આજ સુધી સંસ્થા અવિરત સફળતાના શિખર સર કરી રહેલ છે.આ સંસ્થાની સ્થાપના બેતાલીસ દશા હુમ્મડ દિગંબર જૈન સમાજના સભ્યોને મૃત્યુ પછી તેના કુટુંબને હક્કના ધોરણે આર્થિક સહાય મળી રહે તે પ્રાથમીક ઉદ્દેશથી ચાલુ કરી હતી અને આજે ૩૯૧૫ સભ્યો ધરાવે છે. સભ્યના મૃત્યુ સમયે રૂ. ૩,00,000 ઉપર સહાય આપે છે. સન ૨00૩થી મેડીકલ સહાય ચાલુ કરવામાં આવી અને આજે સંસ્થાએ નક્કી કરેલા ખૂબ જ ખર્ચાળ રોગ માટે ૭૫,000 થી વધુ રકમની સહાય કરવામાં આવે છે. સન ૨00૭થી એજ્યુકેશન લોન માટે શ્રીમતિ ચંપાબેન પોપટલાલ ચુનીલાલ શાહ કડાવાળા શૈક્ષણિક સહાય ટ્રસ્ટની રચના શ્રી પોપટલાલ શાહ કડાવાળાના અધધ કહેવાય તેટલા રૂપિયા પચીસ લાખની દાનરાશીથી કરવામાં આવી હતી. આ ટ્રસ્ટમાં શ્રામતી સવિતાબેન જીતેનદભાઇ શાહ મેડીકલ લોન ફંડ માટે શ્રી જીતનદભાઇ શાહ કેનેડા તરફથી દસ લાખ રૂપિયા અને શ્રીમતિ પ્રવિણાબેન જયપ્રકાશ શાહ એન્જીનીયરીંગ લોન ફંડ માટે શ્રા ડો. જયપ્રકાશ રજનીકાન્ત શાહ અમદાવાદ તરફથી દસ લાખ રૂપિયાની દાન રાશી મળેલ છે. આ ટ્રસ્ટમાંથી ૧ થી ૨ લાખની વગર વ્યાજની લોન સંસ્થાના સભ્યોના બાળકો માટે ચાલૂ કરી છે અને અત્યાર સુધીમાં ૫૧ વિદ્યાર્થીને લોન આપવામાં આવી છે.

હવે ૨૦૧૫ની સાલથી સંસ્થાના સભ્યો માટે સ્કોલરશીપ યોજના ચાલુ કરેલ છે, જેના માટે શ્રી મનોજભાઇ વાડીલાલ ગાંધી તરફથી તેમના માતૃશ્રી ચંપાબેન વાડીલાલ સ્કોલરશીપ ફંડના નામથી ૧૧,૧૧,૧૧૧ રૂપિયા દાનમાં મળેલ છ જે શ્રી દિગંબર જૈન કુટુંબ સુરક્ષા અંતર્ગત રહેશે અને સંસ્થાના સભ્યોને ઉચ્ચ શિક્ષણ માટે રૂ 1000 થી રૂ ૨0,000 સ્કોલરશીપ અપાશે. ઉપરાંત શ્રીમતી ચં.પા.ચુ. શાહ શિક્ષણ સહાય ટ્રસ્ટમાંથી ગત વર્ષથી આર્થિક રીતે નબળા કુટુંબને દર મહિને ૧,000 રૂપિયાની સહાય શ્રી બેતાલીસ દશાહુમ્મડ દિગંબર જૈન સમાજ માટ ચાલુ કરેલ છે. ગત વર્ષમાં કુલ ૨૩ કુટુંબને આ સહાય અપાઇ છે.

સંસ્થાની અસાધારણ સભા તા. ૮ માર્ચ ૨૦૧૫ના રોજ ફાયર એન્ડ ફીલ્ડ હોલ આલ્ફામોલ, અમદાવાદમાં યોજાઇ હતી અને લગભગ સાતસો સભ્યોની હાજરીમાં, મુખ્ય મહેમાન શ્રી અજીતભાઈ જૈન (માણિકચંદ ગ્રૂપ) તેમ જ અતિથી વિશેષ શ્રી સેવંતીભાઇ ગાધી અને શ્રી મીઠાલાલ શાહના હસ્તે સ્વ. શ્રીમતિ ચંપાબેન વાડીલાલ ગાંધી સ્કોલરશીપ યોજનાનૂં ઉદઘાટન અને શ્રીમતી ચં.પો.ચુ. શાહ શિક્ષણ સહાય ટ્રસ્ટ અંતર્ગત આર્થિક સહાય યોજનાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતુ. ડો. જયપ્રકાશ શાહનું સંસ્થામાં અને સમાજમાં યોગદાન માટે **"સમાજ રત્ન"** થી શ્રી અજીતભાઇ જૈનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતુ. સસ્થાના પ્રમુખશ્રી મનુભાઇ ગાંધી તેમ જ તમામ કાર્યકરનો તેમની નિસ્વાર્થ સેવા માટે સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે. સંસ્થાને શ્રી બેતાલીસ દશાહુમ્મડ જૈન સમાજ તરફથી ખૂબ જ પ્રેમ અને સહકાર મળ્યો છે તેનો અમે સૌ આભાર માનીએ છીએ.સંસ્થાની તમામ યોજનાનો લાભ લેવા માટે આપના એરીયાના સક્રિય કાર્યકરનો કે હોદ્દેદારનો સંપર્ક કરવો

શ્રી મનુભાઇ ગાંધી (9978402102)
પ્રમુખ

ડો. રાકેશ શાહ (9898609874)
સેક્રેટરી